NCS Code: 7515.9900, CCode: HT12

# કોફી ટેસ્ટર/બેરિસ્ટાસ/ક્યૂ ગ્રેડર્સ

કોફી ટેસ્ટર એવા વ્યાવસાયિકો છે જે ઉત્પાદનની વિશેષતાઓનું મૂલ્યાંકન કરવા અથવા મિશ્રણની ફોર્મ્યુલા તૈયાર કરવા માટે કોફીના નમૂનાઓનો સ્વાદ લે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને કોફી પસંદ છે
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૦,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.

૩. ક્યૂ ગ્રેડિંગ / કોફી ક્વોલિટી મેનેજમેન્ટમાં ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કરો

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

કોફી ટેસ્ટરનું માસિક પગાર મહિને આશરે **રૂ. ૨૧,૦૦૦ થી ૨૫,૦૦૦*** જેટલો હોય છે.

સ્રોતઃ https://www.salaryexpert.com/salary/job/coffee-taster/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ખાનગી અને જાહેર રોસ્ટિંગ પ્લાન્ટ્સ, કાફે ચેઈન્સ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે રોસ્ટિંગ પ્લાન્ટમાં કામ કરશો. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. આ નિયમિત ૯ થી ૫ સુધીની નોકરી નથી. તમે અઠવાડિયામાં ૫ દિવસ દરરોજ ૫ થી ૬ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

કમિસ પેટિસિયર → શેફ ડી પાર્ટી → શેફ → એક્ઝિક્યુટિવ શેફ

**અથવા**

કોફી ટેસ્ટર → બ્રુ માસ્ટર → વ્યવસ્થાપન સંબંધી પદો

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બરિસ્તા સ્પેશ્યાલિસ્ટ, કોફી ટેસ્ટર, કોફી સમેલિયે

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**તમે યુજીસી માન્યતા પ્રાપ્ત, ભારતની કોઈપણ કોલેજમાંથી સ્નાતક પૂર્ણ કરી શકો છો. ભારતમાં અને વિદેશમાં ઉપલબ્ધ કેટલાક બેરિસ્ટા અભ્યાસક્રમોની યાદી.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**આંતરરાષ્ટ્રીય**

- સ્પેશિયાલિટી કોફી એસોસિએશન ઓફ અમેરિકા (એસ.સી.એ.એ.) અને સ્પેશિયાલિટી કોફી એસોસિએશન ઓફ યુરોપ (એસ.સી.એ.ઈ.) દ્વારા કોફી ટેસ્ટરર્સ માટે પ્રમાણપત્રો જારી કરવામાં આવે છે.
- એસ.સી.એ.એ. બે પ્રકારના પ્રમાણપત્રો જારી કરે છે. લાઈસન્સ પ્રાપ્ત 'ક્યૂ' ગ્રેડર અને લાઈસન્સ પ્રાપ્ત 'આર' ગ્રેડર.
- 'ક્યૂ' ગ્રેડર લાઈસન્સ એ અરેબિકા કોફીના મૂલ્યાંકનમાં નિપુણતા માટેનું પ્રમાણપત્ર છે અને 'આર' ગ્રેડર પ્રમાણપત્ર રોબસ્ટા કોફીના મૂલ્યાંકનમાં નિપુણતા માટે આપવામાં આવે છે.
- ક્યૂ ગ્રેડર પરીક્ષામાં ૨૨ કસોટીઓનો સમાવેશ થાય છે અને તેને પૂર્ણ કરવામાં ૬ દિવસ લાગે છે

**રાષ્ટ્રીય**

- કોફી બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા કોફી ક્વોલિટી મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઉપલબ્ધ કરાવવામાં આવે છે
- કોફી બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા કોફી રોસ્ટિંગ અને બ્રૂઈંગ પર 'કાપી શાસ્ત્ર' તાલીમ કાર્યક્રમ
- એસ્પ્રેસો એકેડેમી દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા ઓનલાઈન અભ્યાસક્રમો
- અરાકુ વર્લ્ડ સ્પેશિયાલિટી કોફી એકેડમી, બેંગલુરૂ

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in



## સાફલ્ય ગાથા

નાગપુરના **મિથિલેશ વઝલવાર** કોફી ક્યૂ-ગ્રેડર છે, જે ભારતના ફક્ત ૨૫ કોફી ક્યૂ ગ્રેડર પૈકીના એક છે અને કોફી રોસ્ટર, કોપર અને ટ્રેનર પણ છે. તેઓ ઓસ્ટ્રેલિયામાંથી આ પ્રમાણપત્ર મેળવનાર પ્રથમ વ્યક્તિ છે. તેઓ નવેમ્બરમાં વર્લ્ડ એરોપ્રેસ ચેમ્પિયનશિપ (ડબલ્યુ.એ.સી.), સિયોલ, દક્ષિણ કોરિયામાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ ભારતીય એરોપ્રેસ ચેમ્પિયન પણ છે.*

સ્રોતઃ https://youthincmag.com/meet-mithilesh-vazalwar-coffee-q-grader

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ